**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૫૯ ટકા

# આજથી શહેરમાં પીવીઆર થિયેટર ખુલશે

## રાત્રિના ૮ વાગે ગર્વમેન્ટ ઓથોરિટી માટે સ્પેશિયલ શૉ



ગાંધીનગર, તા.૧૭
કોરોનાને કારણે મનોરંજનના સાધનો સાથે થિયેટર ખુલ્યાને આઠથી દસ મહિના થઈ ગયા છે. શહેરીજનો ઘરની બહાર કોરોના અને લોકડાઉનને કારણે નીકળ્યા ન હતા અને ધીમે ધીમે છૂટ મળતા નાના મોટા ગાર્ડનમાં જવા કે વોકીંગ કરવા માટે ટેવાયા હતા. સરકાર દ્વારા છેલ્લા ઘણા તહેવાર સમુહમાં ઉજવવાની છુટ આપવામાં આવી ન હતી અને હાલમાં જ ઉત્તારાયણનો તહેવાર શહેરીજનોએ ઘર પરિવાર સાથે ઉજવ્યો અને ધો-૧૦ અને ૧૨ની શાળા પણ ખુલી છે ત્યારે આજથી સે-૧૧ સુમન સિટિમોલમાં પીવીઆર સિનેમાઘર ખુલી રહ્યું છે જે ફિલ્મોના શોખીન શહેરીજનો માટે ખુશીના સમાચાર છે.

કોરોનાને કારણે સિનેમાઘરમાં સમુહ ભેગું થાય કે ન થાય તે માટે એક પ્રશ્ન હતો ત્યારે સરકાર દ્વારા સિનેમાઘર ખુલવા બાબતે ગાઈડલાઈન બહાર પાડવામાં આવી હતી. જે મુજબ સે-૧૧ સુમનટાવરના પીવીઆરમાં આજથી ગાઈડલાઈન ફોલો કરવામાં આવશે. વ્યવસાયકો સાથે વાત કરતા માહિતી મુજબ સરકારની તમામ ગાઈડલાઈન ફોલો કરવામાં આવનાર છે. એક સીટ છોડી બીજી સીટ પર બેસવાની સિટીંગ વ્યવસ્થા છે. બાથરૂમમાં ફીટેડ સેનિટાઈઝર અને થિયેટર રૂમની બહાર અને કોમન હોલમાં પેંડલ સેનિટાઈઝર ગોઠવવામાં આવ્યા છે.

પીવીઆર થિયેટરની બીજી વ્યવસ્થા વિશે વાત કરતા જાણવા મળ્યું છે કે થિયેટરમાં એન્ટીમાઈક્રો બાયસ ફિલ્મ લગાવવામાં આવનાર છે. ઉપરાંત યુએલબી ટ્રીટમેન્ટ કંપની દ્વારા કરાવાશે જેની વેલીડીટી એક મહિનાની હોય છે. આ ટ્રીટમેન્ટ કોરોનાના જર્મ્ઝને નષ્ટ કરવામાં મદદરૂપ છે. શૉ બાદના એકઝિટ ગેટ પર સેનીટાઈર લીકવીડ મુકાશે. ઉપરાંત શૉ પત્યા બાદ હોલ લિકવીડ સેનિટાઈઝ કરાશે. એન્ટ્રી ગેટ પર ટેમ્પ્રેચર ગનથી કસ્ટમર્સનું બોડી ટેમ્પ્રેચર મપાશે. આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે આજે ૮ વાગ્યાનો શૉ ગવર્મેન્ટ ઓથોરીટી માટે બુક થયો છે.

### ફૂડ સેફ્ટી

**થિયેરમાં ફૂડ સેફ્ટી વિશે વિશેષ ધ્યાન અપાશે. તમામ ફૂડ યુવી કેબિનેટસમાં રખાશે. પેકડ અને સર્વિંગ ફૂડ યુવી ટ્રીટમેન્ટ કર્યા પછી જ સર્વ કરાશે. પીવીઆરમાં લિમિટેડ મેન્યુ જ રખાશે. તમામ સ્ટાફ માસ્ક અને ગલવઝ પહેરી જ રાખશે. જે સ્ટાફ કસ્ટમરના ડાયરેકટ કોન્ટેકટમાં આવશે તેઓ ફેસ શીલ્ડ રાખશે.**

### ટીકીટ

**ઓનલાઈન ટીકીટ ઉપરાંત ઓફલાઈન ટીકીટ મળશે પણ તે પણ ડિજીટલ કસ્ટમર બારકોડેડ સ્કેન કરશે એટલે ડિજીટલ ટિકિટનો મેસેજ આવી જશે.**



મકરસક્રાંતિનું પર્વ દાન-પુણ્ય અને સેવા માટે પણ ઉત્તમ પર્વ ગણાય છે. આ પર્વને અનુલક્ષીને શહેરના 'મહાકાલ ગૃપ'ના સેવાર્થી સ્વયંસેવકો દ્વારા આશરે પાંચસો વ્યકિત જમી શકે તેટલી વઘારેલી ખિચડી બનાવીને શહેરના છેવાડાના વિસ્તાર ગ-૧ સંગીત સર્કલની આસપાસના વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદોમાં વહેંચવામાં આવી હતી.

# શેરથા પાસેથી વિદેશી દારૂ ભરેલી આઈ-૨૦ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૭
મહેસાણા-અડાલજ માર્ગ પર શેરથા કટ પાસે કારમાંથી વિદેશી દારુનો જથ્થો અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. આઈ-૨૦ કારમાંથી પોલીસે ૧૯૮ બોટલ દારુ અને ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે રૂ.૭૦,૫૨૪ ની કિંમતનો દારુ, રૂ.૫ લાખની કાર અને બે ફોન મળી કુલ રૂ.૫,૭૪,૦૨૪ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે પકડેલા ત્રણ શખ્સો સહિત કુલ-૭ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે શેરથા કટ પાસે પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. ત્યારે બાતમીવાળી ગાડી નં.જી.જે.૨૭.સી.એફ.-૧૪૨૫ આવતા પોલીસે તેને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે કાર દોડાવી મુકતા પોલીસે લાકડી મારતા ગાડીનો કાચ તુટી ગયો હતો. જેથી પીસીઆર દ્વારા કોર્ડન કરી ને કાર ને પકડી પાડી હતી. કારમાં બેઠેલા ત્રણ શખ્સોનું નામ પુછતા તેણે સુરેશકુમાર મોહનલાલ બ્રાહ્મણ (ઉં.૨૨ રાજસ્થાન), રમેશકુમાર ચંદનરામ પ્રજાપતિ (ઉં.૨૬) તેમજ દિનેશ આશુરામ લુહાર (ઉં.૨૧) હોવાનું ધ્યાને આવ્યું હતું.

પોલીસે કારમા તપાસ કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની ૧૯૮ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે દારુ અંગે પુછતા યુવકોએ માઉન્ટ આબુ માર્ગ પરથી નારાયણ સિંહ રાજપુત તેમજ વિનોદ સિંધીના કહેવાથી ડુંગરસિંગ તેમજ વિષ્ણુભાઈ ઉર્ફે ભજનલાલ બિશ્નોઈએ ગાડી ભરી આપી હોવાનું કહ્યું હતું. પોલીસે દારુ, ગાડી અને મોબાઈલ મળી કુલ રૂ.૫,૭૪,૦૨૪ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ ૭ શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલની જુની કેન્ટીન તોડી પડાઈ

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પીપી યુનિટ પાસે આવેલી જુની કેન્ટીન તોડી પાડવામાં આવી છે. દર્દીઓ તેમજ સ્નેહીજનોને ચા-પાણી, નાસ્તો કે જમવાનું લેવા માટે નવી કેન્ટીન ચીપટાઈપ શોપીંગ સેન્ટર પાસે જવુ પડશે. કારણ કે જુની કેન્ટીન જ્યાં કાર્યરત હતી તેની બાજુમાં આવેલા પીપી યુનિટમાં કોરોનાની વેક્સિનનો સંગ્રહ કરાયો છે. કોરોનાની વેક્સિનને ડીપ ફ્રીજમાં ૨ થી ૮ ડીગ્રી વચ્ચેના તાપમાનમાં રાખવામાં આવે છે. ત્યારે આ વેક્સિનેશનની બારી જ્યા પડે છે તે સ્થળ નજીક જ કેન્ટીન હોવાને પગલે સિવિલના તબિબિ અધિક્ષક દ્વારા કેન્ટીન તાત્કાલીક અસરથી હટાવી દેવા આદેશ કરાયો છે.જેથી કેન્ટીન સંચાલકો દ્વારા કેન્ટીન તોડી પડાઈ છે. આ અંગે સિવિલના તબિબિ અધિક્ષકે જણાવ્યું હતું કે આ કેન્ટીનનો કોન્ટ્રાકટ તો પુરો થઈ ગયો છે.પરંતુ કોરોનાના સમયગાળામાં દર્દીના સગાને દુર જવુ ન પડે તે માટે માનવતાના ધોરણે કેન્ટીન કાર્યરત હતી. ત્યારે વેક્સિનેશન રૂમ પાસે જ કેન્ટીન હોવાથી હટાવી લેવામાં આવી છે. ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં એડમીટ થતા દર્દીના સગાઓને ચા-નાસ્તો કે જમવાનું લેવા માટે દુર સુધી જવુ પડશે.

# સાવ શુષ્ક રવિવાર : શહેરીજનોએ ઉત્તરાયણનો થાક ઉતાર્યો...!!

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગરમાં ફરીવાર એક એવો રવિવાર જોવા મળ્યો જેમાં સમગ્ર શહેર તદ્દન સુમસામ બની જવા પામ્યું હોય. ઉત્તરાયણના તહેવારની રજા નજીક જ આવેલા શનિ-રવિને પગલે આ રવિવારે શહેરના માર્ગો પર નહિવત ટ્રાફિક અનુભવાયો હતો અને જાણે શહેરીજનો સંપૂર્ણ આરામના મૂડમાં હોય તેવું ભાસી રહ્યું હતું.

ગુરુવારે ઉત્તરાયણ અને શુક્રવારે વાસી ઉત્તરાયણની શહેરીજનોએ મન ભરીને ઉજવણી કરી હતી. આ પછી તરત આવેલા શનિ-રવિમાં ઠંડીની અસર ઓછી થઈ હોવા છતાં પણ જાણે મકરસક્રાંતિના થાકનો વર્તારો હોય તેમ શહેરમાં રવિવારે બપોર પછી તદ્દન શુષ્કતા અનુભવાઈ હતી. મોટે ભાગે આ પ્રકારનો માહોલ શહેરમાં સળંગ ત્રણ ચાર રજાઓ કે દિવાળીની રજાઓમાં અનુભવાતો હોય છે પરંતુ આ વખતે ત્રીજો શનિવાર હોવાથી ગુરૂવાર પછી રવિવાર સુધી વચ્ચે કોઈ સરકારી રજા નહોતી તેમ છતાં રવિવારની રજાના દિવસે જાણે શહેરીજનો ઉત્તરાયણનો થાક ઉતારવા આરામ પર ઉતરી ગયા હોય તેવી સ્થિતિ જવા મળી હતી અને બપોર પછી શહેરના રાજમાર્ગો પર ટ્રાફિકની ચહલપહલ તદ્દન ઓછી થઈ જવા પામી હતી.

## અવસાન નોંધ (ટેલીફોનીક બેસણું)

અમારા લઘુબંધુ કેસરીસિંહ ભાટી (આઈપીએસ,આઈજીપી અમદાવાદ રેન્જ)નું દુઃખદ અવસાન તા.૧૦.૧.૨૦૨૧ ને સોમવારના રોજ થયેલ છે. સદ્દગતનું ટેલીફોનીક બેસણું તા. ૧૮.૧.૨૦૨૧ ને સોમવારના રોજ વિજાપુર તાલુકાના ભાણપુર ગામે સવારે ૯ કલાકે થી રાખવામાં આવેલ છે.

ટેલીફોનીક બેસણા માટે નીચેના નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે. સિધ્ધરાજસિંહજી ગુલાબસિંહજી ભાટી (પૂર્વ અધિક પોલીસ મહાનિર્દેશક), મો.-૯૯૭૮૪ ૦૫૦૮૬, હર્ષવીરસિંહજી કેસરીસિંહજી ભાટી મો.- ૭૦૧૬૬ ૧૫૮૨૬, જયદેવસિંહજી કેસરીસિંહજી ભાટી મો.-૯૦૯૯૫ ૮૪૮૦૮, તેમજ રણવીરસિંહજી સિધ્ધરાજસિંહજી ભાટી મો.- ૯૯૭૯૯ ૩૩૩૩૨




ગાંધીનગરમાં વસાહતીઓ નાના-મોટા ગૃપ બનાવીને વિવિધ સકારાત્મક પ્રવૃત્તિઓ કરવા ટેવાયેલા છે, આવું જ એક મજાનું ગૃપ છે સેકટર-૫નું 'યોગ પરિવાર' ગૃપ જેમાં સ્વાસ્થ્ય સંબંધી કાળજી માટે નિયમિત યોગ-પ્રાણાયામ કરવા ઉપરાંત સભ્યોના જન્મદિવસની ઉજવણી પણ હોંશે હોંશે કરવામાં આવે છે. જો કે ગત વર્ષે કોરોના કહેરને કારણે કોઈ સભ્યના જન્મદિનની ઉજવણી શકય બની નહોતી તેથી યોગ પરિવારે તાજેતરમાં સે-૫ના કલહરી માતાજીના મંદિરે પૂજા-આરતી કરીને સામુહિક ઉજવણી કરવામાં આવી હતી.

# અડાલજ દવાખાના પાસેથી બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા.૧૭
અડાલજ ગામ દાદીનો વડ ખાતે રહેતા ચેતનસિંહ સેતાનસિંહ રાઠોડ (ઉં.૪૨) દ્વારકેશ ઈન્ફ્રામાં ડમ્પર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ નોકરી આવવા જવા માટે બાઈક નં. જી.જે.૧૮.સી.એચ.૬૮૦૫ નો ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા. ૧૩ ને બુધવારના રોજ સાંજના ૪ વાગ્યાના અરસામાં બાઈક અડાલજ સીએચસી પાસે મુકીને શાકભાજી લેવા માટે ગયા હતા. શાકભાજી લઈને અડધો કલાક પછી આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી પોલીસ અડચણ રૂપ બનતા લઈ ગઈ હશે તેમ માની ને દરેક આસપાસની જગ્યા પર તપાસ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી પોલીસે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દર સપ્તાહે જરૂરિયાતમંદોનો જઠરાગ્નિ ઠારતી 'રોટી બેંક સેવા'ની જય હો....!!

## સોશ્યલ મિડીયાના માધ્મયથી પરિચયમાં આવેલા યુવાનો દ્વારા ગાંધીનગરમાં શરૂ કરાયેલી રોટી બેંક સેવા દર રવિવારે સાડા ચારસો જેટલાં વ્યકિતઓને ભોજન પુરું પાડે છે : આ સાથે યુવાનો ધાબળાં-સ્વેટર કે પગરખાં વિતરણ સહિતની અનેક સેવાઓ વાર તહેવારે કરતા રહે છે




ગાંધીનગર, તા.૧૭
રવિવારની રજાનો દિવસ હોય એટલે ગાંધીનગરના કેટલાંક વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારો બપોરે રાહ જોઈને બેઠાં હોય અને થોડીવારમાં કેટલીક મોટરકાર આવી પહોંચે જેમાંથી યુવાનો બહાર આવીને તેમને ગરમાગરમ ભોજન પીરસવા લાગે એટલે અબાલવૃધ્ધ સૌ કોઈના ચહેરાં પર પ્રસન્નતા છવાઈ જાય. બાળકથી માંડીને વડીલ સુધીની દરેક વ્યકિતને પેલા યુવાનો લાઈનબધ્ધ પંગતમાં બેસાડીને તેમની સાથે લાવેલી ડિસ્પોઝેબલ ડીશોમાં ભોજન પીરસે અને જયાં સુધી બધા જમી રહે ત્યાં ઉભા રહે જેથી કોઈને ફરીવાર લેવું હોય તો આપી શકાય. દરેક વ્યકિત જમી રહે એટલે બધી વપરાયેલી ડીશોને એકઠી કરી નિયત કરેલ ડસ્ટબીનના હવાલે કરી આખી ટીમ ત્યાંથી આગળના રૂટ પર નિયત અન્ય સ્થળે ભોજન પીરસવા નીકળી પડે. આ રીતે સવારે દસ વાગ્યથી શરૂ કરીને બપોરે ત્રણ વાગ્યા સુધીમાં શહેરના વિવિધ વિસ્તારના આશરે સાડા ચારસોથી વધુ ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ ઠારતી આ સેવા એટલે ગાંધીનગરની 'રોટી બેંક સેવા' અને આ યુવાનોનો એકબીજા સાથે સંબંધ એટલે માત્ર 'સેવા'.

સોશ્યલ મિડીયાને આમ તો 'યુવાનોને બગાડે છે, અવળા રવાડે ચઢાવે છે' તેવા આક્ષેપોથી નવાજવામાં આવે છે અને આપણે ત્યાં કોઈ પણ ટેકનોલોજી કે નવી વસ્તુને આ રીતે ભાંડવાનો જાણે રિવાજ પડી ગયો છે, અગાઉ ફિલ્મો અને પછી ટીવીને ભાંડવામાં આવતું હતું હવે મોબાઈલ અને સોશ્યલ મિડીયાને. જો કે કેટલાંક આક્ષેપો અમુક હદે સાચાં પણ હોય છે પરંતુ કોઈ પણ ટેકનોલોજી કે સુવિધાનો માનવી કેવો ઉપયોગ કરે છે તેના પર તેનો બધો આધાર હોય છે, જો તે તેનો સારો ઉપયોગ કરો તો તે ખૂબ સારી છે અને જો તમે તેનો દુરૂપયોગ કરો તો તે નુકસાનકારક પણ સાબિત થઈ શકે છે. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારના કેટલાંક યુવાનો જેમનો પરિચય એકબીજા સાથે સોશ્યલ મિડીયા થકી થયો અને આજે તેઓ સાથે મળીને છેલ્લા બે વર્ષથી 'રોટી બેંક સેવા' અંતર્ગત દર સપ્તાહે સેંકડો વ્યકિતઓના પેટની આગ ઠારવાનું પુણ્ય કાર્ય કરી રહ્યા છે, એટલું જ નહી પરંતુ આ સાથે વાર તહેવારે પણ અન્ય સેવાકાર્યો જેવા કે ઉનાળામાં પગરખાં વિતરણ, શિયાળામાં ધાબળાં-સ્વેટર વિતરણ, ચોમાસામાં ઝુંપડાવાસીઓ માટે તાડપત્રી, ગરમીમાં પક્ષીઓ માટે કુંડા વિતરણ, નિરાધાર વિધવા કે





અનાથ બાળકોને સહાય ઉપરાંત દિવાળીમાં ફટાકડા-મીઠાઈ, ઉત્તરાયણમાં પતંગ-ચિક્કી અને હોળીમાં ખજૂર-ધાણી વિતરણ સહિતનો સમાવેશ થાય છે અન આ તમામ સેવા માટે ફંડ જરૂરિયાત મુજબ એકબીજાના ફાળાથી અથવા દાતાઓના સહારે એકઠું કરાય છે.

આ સેવાનો પ્રારંભ સોશ્યલ મિડીયા પર ગુજરાત બ્લડ ડોનેશન ગૃપ નામથી ચાલતા એક વ્હોટસએપ ગૃપમાં જોડાયેલા આશરે ૨૪૦થી વધુ સભ્યો પૈકી એકબીજાને જાણીતા બનેલા કેટલાંક મિત્રો દ્વારા કરવામાં આવ્યો હતો. આ ગૃપ થકી નાત-જાત-સમાજના ભેદભાવ વિના રકતદાનની સેવા પુરી પાડવા સાથે બેરોજગાર યુવાનોને રોજગારી મળી રહે તે માટે મદદરૂપ થતા યુવાનો હિંમતનગરમાં ચાલતી રોટી બેંક સેવાના સેવાકર્મીઓના સંપર્કમાં આવ્યા હતા અને તેમનાથી પ્રભાવિત થઈને તે સેવાકર્મીઓ પાસેથી માર્ગદર્શન મેળવી આ યુવાનોએ વર્ષ ૨૦૧૯માં ૨૨મી સપ્ટેમ્બરે ગાંધીનગરના સેકટર-૭માં ભારતમાતાના મંદિરેથી પહેલી રોટી બેંક સેવાનો પ્રારંભ કર્યો હતો જેમાં તેમણે ૫૦ વ્યકિતઓ માટે શાક રાંધી પોતપોતાના ઘરેથી રોટલીઓ લાવી એકઠી કરીને રોટલી-શાક પીરસ્યું હતું. આ ઉપક્રમ ત્યારથી દર રવિવારે નિયમિત શરૂ થઈ ગયો અને શરૂઆતમાં આજ પ્રથા ચલાવાઈ હતી. જેમાં સેવા આપવા આવતા દરેક યુવાનો પોતાના ઘરેથી થોડી રોટલીઓ લઈને આવે તે એકઠી કરી સાથે શાક રાંધીને જરૂરિયાતમંદોને પીરસવામાં આવતું હતું. આ સેવામાં આશરે ૧૫ જેટલાં યુવાનો જોડાયા હતા જેમાં જે નિયમિત રીતે સંકળાયેલા હતા તે સાત યુવાનોએ પછીથી આ સેવાને એક ઓળખ આપવા 'જય હો ફાઉન્ડેશન' ના નામની સ્વૈચ્છિક સેવા કરતી સંસ્થા તરીકે નોંધણી કરાવી હતી. આ સાત યુવાનોમાં પાલજના જીગરસિંહ બિહોલા, વલાદના પ્રકાશસિંહ ગોર, દહેગામ પાસેના વટવાના મયુરસિંહ ચૌહાણ, લીંબોદરાના નાગેન્દ્રસિંહ વાઘેલા, પેથાપુરના પુષ્પરાજસિંહ વાઘેલા, રાંધેજાના બિપીનસિંહ ચૌહાણ અને નરોડાના અલ્પેશભાઈ ઠાકોરનો સમાવેશ થાય છે. આ સાથે ગાંધીનગરના જયદીપસિંહ ઝાલા પણ જોડાયેલા છે. આ યુવાનોએ સાથે મળીને રોટીબેંકમાં સોશ્યલ મિડીયા થકી અન્ય યુવાનોને પણ પ્રેરિત કર્યા જેમાં તેમણે ફેસબુક પેજ બનાવીને સેવા કરવા માંગતા યુવાનોને જોડાવા આહવાન કર્યું જેના પ્રતાપે આજે તેમની સેવામાં અંદાજે ૩૦ થી ૪૦ નિયમિત સેવાર્થી યુવાનો સહિત લગભગ પોણા બસ્સો યુવાનો વિવિધ સ્તરે નાની મોટી સેવા આપવામાં મદદરૂપ થઈ રહ્યા છે. અને ફેસબુક પર તેમના ફોલોઅર્સ પાંચ હજાર સુધી પહોંચી ચુકયા છે. એટલું જ નહીં આ પછી ચરોતર, મહેમદાબાદ અને કપડવંજ વિસ્તારોમાં પણ રોટી બેંક સેવાઓ શરૂ થઈ જવા પામી છે.

જય હો ફાઉન્ડેશનના નેજા હેઠળ 'રોટી બેંક સેવા' ઉપરાંત હવે યુવાનોએ પોતાની સેવાઓનો વ્યાપ વધાર્યો છે, તેઓ હવે દર રવિવારે અલગ અલગ મેનુ પીરસવા સાથે તહેવાર કે પ્રસંગે મિષ્ઠાન પણ પીરસે છે. હવે પાલજ ખાતેથી કેટરર્સ પાસે રસોઈ બનાવીને પીરસવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન તેમણે ભોજન સેવા સાથે પોલીસ કર્મીઓ તથા વતન જઈ રહેલા શ્રમિકોને છેક હિંમતનગર સુધી નાસ્તો-પાણી, ચા-બિસ્કીટ વગેરે પુરા પાડયા હતા તે પણ માસ્ક-સેનેટાઈઝર તથા સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરીને. આ ઉપરાંત દર પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરતા આ યુવાનોએ ગત વર્ષે માણસાના પડુસ્મા ગામના શહીદ જવાન જીતેન્દ્રસિંહ ચાવડાના સન્માનમાં સે-૭માં ભારતમાતાના મંદિરે ઉજવેલ પ્રજાસત્તાક દિને શહીદના પિતા તથા પુત્રના હસ્તે ધ્વજનવંદન કરાવી તેમનું અભિવાદન કર્યું હતું. હજુ તેમની સેવાઓનો વ્યાપ અંતરિયાળ વિસ્તાર સુધી લઈ જવા માંગતા અને વંચિતોને શિક્ષિત થવામાં મદદરૂપ થવાની ખેવના રાખતા આ યુવાનોની સેવા જોઈને ખરેખર કહેવાનું મન થાય કે 'જય હો...!'

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ધીરેનભાઈ અમથારામ સુતરીયા, ઉ.વ. ૭૦, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. નયનાબેન દશરથભાઈ પટેલ, ઉ.વ. ૬૫, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. સતિષભાઈ માવજીભાઈ ઠક્કર, ઉ.વ. ૬૪, ન્યુસીટી, સુરત
- સ્વ. પટેલ સવિતાબેન રમણલાલ, ઉ.વ. ૬૪, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. પ્રહલાદભાઈ મુળાભાઈ ઓસોડિયા, ઉ.વ. ૬૬, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર પાયલબેન અજીતજી, ઉ.વ. ૨૨, ધોળાકુવા, ગાંધીનગર
- સ્વ. અમૃતબેન વિનુજી ઠાકોર, ઉ.વ. ૫૩, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. ગૌરીબેન પરષોત્તમભાઈ વાઘેલા, ઉ.વ. ૫૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પટેલ જોઈતાભાઈ રામદાસ, ઉ.વ. ૯૨, ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. શારદાબેન બબારામ ભોંસલે, ઉ.વ. ૭૩, સેકટર-૩, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. હીરાણી વિરબાળા કપુરચંદભાઈ, ઉ.વ. ૮૫, ત્રિમંદિર સંકુલ, અડાલજ
- સ્વ. ભગવાનભાઈ અમથીદાસ પટેલ, ઉ.વ. ૮૦, રાયસણ, ગાંધીનગર
- સ્વ. પટેલ ભગવાનદાસ મગનદાસ, ઉ.વ. ૭૬, કલોલ, જી. ગાંધીનગર